પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૯૩ | ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૮, શનિવાર; ભાદરવા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પેટ્રોલની કિંમતમાં ૧૦ પૈસાનો વધારો

આજે પણ પેટ્રોલની કિંમતમાં વધારો થયો છે જો કે ડીઝલના ભાવ સતત ત્રીજા દિવસે નથી વધ્યા. પ્રાપ્ત વિગતો અનુસાર આજે દિલ્હીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ૮૨.૩૨ અને ૭૩.૮૭ રુપિયા છે. પેટ્રોલની કિંમતમાં ૧૦ પૈસા જેટલો વધારો નોંધાયો છે.

### હવે ટ્રેનમાં મળતી ચા-કોફીના ભાવમાં વધારો

ભારતીય રેલવેએ ટ્રેનમાં વેચાતી ચ્હા અને કોફીના ભાવમાં વધારો કરવાનું નક્કી કર્યુ છે. આ ઉપરાંત કૂલડીમાં ચા દેવાની પ્રથા હવે બંધ કરવામાં આવશે, એમ રેલવે નિગમે જારી કરાયેલા એક પરિપત્રમાં જણાવ્યું છે.

### જાસૂસીના આરોપસર દિલ્હીમાં ચીની નાગરીકની ધરપકડ

દિલ્હી પોલીસે જાસૂસીના આરોપસર એક ચીની નાગરિકની ધરપકડ કરી છે. ચીનના નાગરિકની ઓળખ ચાર્લી પેંગ (૩૯) તરીકે કરવામાં આવી છે. મંજુ કા ટિલ્લા વિસ્તારમાંથી ૧૩મી સપ્ટેમ્બરના રોજ પેંગની દિલ્હી પોલીસે ધરપકડ કરી હતી.

### દિલ્હી સરકારની બીએસએફના શહિદ જવાન નરેન્દ્રના પરિવારને ૧ કરોડની સહાય

સરહદ પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી હરકતમાં શહિદ થયેલા મ્જીહ્લ જવાન નરેન્દ્ર સિંહના પરિવારને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૧ કરોડ રૂપિયાની સહાય આપવાનું એલાન કર્યું છે.

# કાશ્મીરમાં આતંકીઓ બેફામ

**અપહરણ કરાયા બાદ ૩ પોલીસ જવાનની ઘાતકી હત્યાથી ચકચાર : ભારતીય સેના અને પોલીસના હાલના આક્રમક ઓપરેશનથી હચમચી ઉઠેલા ત્રાસવાદી કોઇપણ કિંમતે અસ્તિત્વને બચાવવા મેદાનમાં : દેશવાસીઓમાં આક્રોશ**

શ્રીનગર,તા. ૨૧

પાકિસ્તાની સેના દ્વારા બીએસએફ જવાનની અમાનવીયરીતે હત્યા કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ હવે ફરી એકવાર કાયરતાપૂર્વકનું કૃત્ય કર્યુ છે. ભારતીય સેના અને પોલીસના ઓપરેશનથી હચમચી ઉઠેલા ત્રાસવાદીઓએ આજે સવારે સોપિયન જિલ્લામાં ત્રણ પોલીસ કર્મીઓનું અપહરણ કરી લીધું હતું. અપહરણ કરવામાં આવ્યા બાદ તેમની હત્યા કરી દેવામાં આવી હતી. આના કારણે દેશભરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પાકિસ્તાન સામે આક્રોશનું મોજુ ફરી વળ્યું છે. સ્થાનિક આતંકવાદીઓએ આ પોલીસ કર્મીઓનું અપહરણ કર્યુ હતું જેમાં બે સ્પેશિયલ પોલીસ ઓફિસર અને એક પોલીસ કર્મી સામેલ હતા. કાશ્મીર ઝોન પોલીસે ટ્વિટ કરીને ત્રણેય પોલીસ કર્મીઓને શ્રદ્ધાંજલિ આપી છે. જે ત્રણ પોલીસ કર્મીઓની ત્રાસવાદી દ્વારા અપહરણ કરીને ઘાતકી હત્યા કરવામાં આવી છે તેમાં નિસાર અહેમદ, ફિરદોસ કુચે અને કુલવંતસિંહનો સમાવેશ થાય છે. કાશ્મીર પોલીસે પોતાના ત્રણેય સાહસી જવાનોની ઘાતકી હત્યાની નિંદા કરતા કહ્યું છે કે, આ અમાનવીય કૃત્ય છે. લોકોને તેઓ ખાતરી આપવા માંગે છે કે, હત્યારા ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે મોટાપાયે ઓપરેશન ચાલી રહ્યું છે. જમ્મુ કાશ્મીરના આતંકવાદીઓ તેમના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. પોલીસનું કહેવું છે કે, જે પોલીસ જવાનોની હત્યા

● અનુસંધાન પાન-૭ પર

## પોલીસ કર્મીના રાજીનામાના અહેવાલ ખોટા : કેન્દ્ર સરકાર

**વિડિયો મેસેજો તોફાની તત્વો દ્વારા વાયરલ કરાયા : હાલ ૩૦૦૦૦થી વધુ એસપીઓ તૈનાત કરાયા છે અને પોતાની ફરજ અસરકારક રીતે અદા કરી રહ્યા છે : સરકાર**

શ્રીનગર, તા. ૨૧

જમ્મુ કાશ્મીરના સોપિયન જિલ્લામાં આતંકવાદીઓ દ્વારા ત્રણ પોલીસ જવાનોની ઘાતકી હત્યા કરવામાં આવ્યા બાદ દેશભરમાં આક્રોશનું મોજુ ફરી વળ્યું છે. આતંકવાદીઓ સામે નિર્ણાયક કાર્યવાહી કરવા માટે માંગ ઉઠી રહી છે. બીજી બાજુ કેન્દ્રીય ગૃહમંત્રાલયે એવા

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાનની સાથે સૂચિત મંત્રણા રદ કરવાનો નિર્ણય

**બીએસએફ જવાન, પોલીસ જવાનોની હત્યા બાદ ભારત લાલઘૂમ : પાકિસ્તાન સાથે વાતચીતનો કોઇ મતલબ નથી : ઇમરાનનો અસલી ચહેરો ખુલ્લો પડ્યો : સરકાર**

નવી દિલ્હી, તા. ૨૧

બીએસએફ જવાનની અમાનવીય હત્યા અને ત્યારબાદ પોલીસ જવાનોનું અપહરણ કરીને ઘાતકી હત્યા કરવાના બનાવ બાદ લાલઘૂમ થયેલા ભારતે પાકિસ્તાન સાથેની સૂચિત મંત્રણાને આખરે રદ કરી દીધી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે કહ્યું હતું કે, પાકિસ્તાની વડાપ્રધાન અને વિદેશમંત્રીના પત્રોની ભાવનાને ધ્યાનમાં લઈને આ વાતચીત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કુમારે કહ્યું હતુ કે, પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાને ત્રાસવાદના મુદ્દે પણ વાતચીત કરવાની ખાતરી આપી હતી. તેમની મંત્રણાની પાછળ નાપાક ઈરાદા રહેલા છે તે બાબત સાબિત થઈ ચુકી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઓરિસ્સામાં તોફાની વરસાદ

**અનેક વિસ્તારમાં તીવ્ર પવનની સાથે ભારે વરસાદ પડતા તંત્ર સાબદુ પહેલાથી જ એલર્ટ હોવાના કારણે લોકોને સાવધાન કરાયા**

ભુવનેશ્વર,તા. ૨૧

ચક્વાતી ડે તોફાનના કારણે ઓરિસ્સામાં ભારે વરસાદ થઇ રહ્યો છે. જેના કારણે હાલમાં જનજીન પણ ખોરવાઈ ગયુ છે. જો કે તંત્ર દ્વારા પહેલાથી જ સાવચેતીના મામ પગલા લેવામાં આવ્યા હતા જેથી તોફાનના કારણે કોઈ નુકસાન થયુ નથી. ભુવનેશ્વર સ્થિત હવામાન વિજ્ઞાન કેન્દ્રના લોકોએ કહ્યુ છે કે ઉત્તરપશ્ચિમ બંગાળના અખાત પર ચક્વાતી તોફાન ડે ૨૩ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યુ છે. તેની અસર હેઠળ સંબંધિત વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. આજે સવારે દક્ષિણી ઓરિસ્સામાં અને ગોપાલપુરની પાસે પડોશી રાજ્યમાં ભારે વરસાદ થયો હતો. જો કે તોફાન ગોપાલપુરની પાસે પડોશી રાજ્ય આંધ્રપ્રદેશના દરિયાને પાર કરી જતા રાહત થઈ છે. તે હવે આગળ વધીને કમજોર પડનાર છે. તોફાનના કારણે ગજપતિ, ગંજમ, પુરી, રાયગઢ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે.

આગામી ૨૪ કલાક સુધી ભારે વરસાદ જારી રહે તેવી ચેતવણી તંત્ર દ્વારા આપવામાં આવી છે. દરિયામાં ઓરસ્સામાં ૬૦-૭૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આંધી તોફાન ફુકાય તેવી શક્યતા દેખાઇ રહી છે. ગઈકાલે ઓરિસ્સાના મુખ્યપ્રધાન નવીન પટનાયકે ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. જેના ભાગરૂપે તૈયારીની સમીક્ષા કરવામાં આવી હતી.




ઓગસ્ટ થી દિવાળી કપલ/ફેમીલી/LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા — મુન્નાર-થેકડી
દાર્જીલીંગ — ગંગટોક-પેલીંગ
સિમલા — મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની — વાયનાડ-હસન
ભુતાન — પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ — કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ,અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

SIDDHRAJ
INFRA PVT. LTD




SAMPLE APARTMENT READY
visit by appointment only...

The Property Shop

6 Rooms Premium Living | Nr. Sargasan Cross Roads, Gandhinagar | Call: +91 97251 07999

RERA Registration No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00869/301117